| નંબર | | તારીખ | તારીખ | ગુનો | કે તકસીરવાન | | કલમ 468 પ્રમાણે જેલમાં ગાળેલ સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વસંતીબેન તારસીગભાઇ તડવી | ૧૭/૦૭/૨૦૨૫ | ૧૭/૦૭/૨૦૨૫ | ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની કલમ 65AA | નિર્દોષ | નથી | નથી |

*ફોર્મ - સી નિ.179A, ક્રિ.મેન્યુલ*

**ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાહેદોની યાદી**

**અ. ફરિયાદપક્ષના સાહેદો**

| સાહેદ નંબર | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| 1 | ૧૨ | પ્રશાંતભાઇ પ્રકાશભાઇ મંકેશ્વર | પંચ સાહેદ |
| 2 | ૧૩ | આકાશભાઇ સુભાષભાઇ | પંચ સાહેદ |
| 3 | ૮ | નરેશભાઈ લીમજીભાઈ | તપાસ કરનાર અમલદાર |

**ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના આંકની યાદી**

**અ. ફરિયાદપક્ષ:**

| ક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| 1 | ૯ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| 2 | ૧૦ | ફરિયાદ |

## ચુકાદો

**ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત:**

**1.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૧/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૧૯:૩૦ વાગે મોજે સેલંબા કુઇદા ફળીયુ ગામે પોતાના કબજા ભોગવટાની જગ્યામાં દેશી દારૂ લી. ૨ કી. ₹૪૦૦/- નો રાખી રેઇડ દરમયાન પકડાઇ જઇ, ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 ની કલમ 65AA હેઠળનો ગુનો કર્યાના આક્ષેપ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદરહુ ગુનાની તપાસ હાથ ધરેલ જે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોય ઉપરોકત ગુનાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ.

**2.** ત્યારબાદ આ કામના આરોપીને સમન્સ કરતા, આરોપી અદાલત સમક્ષ તેમના વકીલશ્રી મારફત હાજર થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, 2023 ની કલમ-230 અન્વયે આરોપીને તેઓની સામેના પોલીસ કેસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરી આંક ૪ થી તહોમતનામુ ફરમાવી આરોપીનો આંક- ૫ તળે જવાબ લેતા આરોપીએ ગુન્હો કબુલ કરેલ નથી અને કેસ ચલાવવા માંગણી કરેલ, જેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ.

**3.** ત્યારબાદ ફરિયાદપક્ષ દ્વારા ઉપરોક્ત **ફોર્મ-સી**માં દર્શાવેલ સાહેદો તપાસેલ તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ. ત્યારબાદ ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023 ની કલમ-351 મુજબ આરોપીનુ

